1

આજે જુમુઆનો મુબારક દીન છે
એક કામ આ પણ કરી લેશો

જેટલુ પણ થઈ શકે એટલુ
આકા પર દુરૂદો સલામ પઢી લેશો

છે આ એટલો પવિત્ર અમલ
એના ફાયદા દારૈનમા જોઈ લેશો

સુરએ કહફ પઢવાની પણ છે
આજ રોજ ઘણીંજ ફઝીલત

સલામ ન રહેશો ગાફીલ
એ પણ અચુક પઢી લેશો

2

ખુદાનુ આ ફરમાન છે
જેના ઉપર આપણુ ઈમાન છે

છે દરેક નબી ખુદાના લાડલા
પર આકાની એક અલગ શાન છે

છે જે તમામ કુતુબની સરદાર

દરેક વાતછે જેની અસરદાર

ઉતરી જે આકાએ નામદાર પર
નામ એ પવિત્ર બુકનુ કુરઆન છે

આકાની શું શાન છે
આલમની આપ જાન છે

દરેક મોમીનના જાનો માલ
આપ પર કુરબાન છે

આજે જુમઆ નો દીન છે
ખુબ મુબારક આ દીન છે

સલામ તુ કર શોખથી આ કામ
મોકલ આકા પર દુરૂદો સલામ

દુરૂદથી આકાથી કુરબત થશે
દુર કલ્બ ની જુલ્મત થશે

ખુશ આ અમલથી ખુદા થશે
કબુલ એની બરકતથી દુઆ થશે

આકાની શું શાન છે
આલમ ની આપ જાન છે

આપ પર મુસ્લિમ ના
જાનો માલ કુરબાન છે

આપના પર થયુ નાઝીલ
પવિત્ર કુરઆન છે

આપે કરાવી સૌને
ખુદાની સહી પેહચાન છે

આપછે ખુદાના આખરી નબી
આ વાત પર અમારૂ ઈમાન છે

છે એ સૌ કેટલા ખુશનસીબ
જે સાહીબે ઈમાન છે

આકાના ઈન્સાનીયત પર
અન ગીનત એહસાન છે

આકાને બખશી ખુદાએ
ખુબ ઉંચી શાન છે

તમામ રસુલો નબીમા
સૌથી ઉંચુ આપનુ સ્થાન છે

4

સમાજના માટે કામ કરવું સહેલુ નથી
મેદાનમા આવશો તો ખબર પડશે

લોકો કેવા કેવા રોડા અટકાવે છે
માર્ગ પર ચાલશો ત્યારે નજર પડશે.

ખોટી ટીકા ટીપ્પણી ને ઈલજામો લાગતા રહેશે
લોકો બુરૂભલુ કહેશે ને ગાળો પણ આપતા રહેશે

કામ કરવુ હોય તો દીલ મોટુ રાખવુ પડશે
જવાબ આપી શકતા હોવ છતા બંધ મોઢુ રાખવુ પડશે

કોમને અરછાઈ મરવા પછીજ નજર આવે છે
નહીંતર તો એ મોહસીનોને જીવનભર સતાવેછે

મરવા પછી જલસા કરી ગુણગાન કરે છે
ખબર નઈ આવુ શું કામ કરે છે

સમાજ મા સારા કહેડાવવા માટે મરવુ પડે છે
સલામ કેટલુ મુશ્કેલ કામછે જે કરવુ પડે છે

ખુદા કરેકે આ સોચ દુર થઈ જાય
આટલો બદલાવ તો જરૂર થઈ જાય

5

સમય કેટલો જલ્દી પસાર થઇ જાય છે
સવાર પડતી નથી કે સાંજ થઇ જાયછે

આજે કોના ઉપર ભરોસો કરવો સમજાતુ નથી
જેને મુખલીસ સમજો એ પણ દગો દઈ જાય છે

આપણે જેના મુખે હસી લાવતા હોય
એ પણ આપણને રડાવી જાયછે

આજે માણસને બદલાતા વાર નથી
લાગતી સ્વાર્થ પુરો થતાજ સાથ છોડી જાયછે

નથી રહયો ખુદાનો જુવે તેવો ડર
માટે હલાલ હરામ બધુ પચાવી જાયછે

ફુજુલ ખર્ચની ટેવ બીલ્કુલ સારી નથી
એ અમીરને પણ મુફલીસ બનાવી જાયછે

જેના ઉપર રહમ ખાય ઉધાર આપીએ છીએ

આવેછે જ્યારે યાદે રફતગાન
આંખો તુરંત ભીની થઈ જાય છે

સલામ અહીંયા કોઈની બધી ખાહીશ પુરી નથી થતી
હાં એને પુરા કરવાની ચાહ મા ઉમર પુરી થઈ જાયછે

6

તીર ને તલવાર ના જખમ ભરાય જાય છે
જબાન ના ઝખમ ભરાતા નથી

સૌ આ વાત જાણે છે છતા
પોતાની વાણી સુધારતા નથી

જાણે છે કોણ હક પરછે કોણ બાતીલ પર
છતા હક માટે અવાજ ઉઠાવતા નથી

સાંભળેછે મુઅઝઝીન ની સદા છતા પણ
મસ્જિદ ની જાનીબ કદમ ઉપાડતા નથી

શરીઅતમા એબ છુપાવવાનો હુકમ છે
આપણે રૂસવા કરીએછે એબ છુપાવતા નથી

કયાં કોઈ દીન એવો ગુજરે છે

કે લોકોના દીલ દુભાવતા નથી

છે આપણી જે મીલ્લી જીમ્મેદારીઓ
એ આપણે સારી રીતે બજાવતા નથી

જાણીએ છેકે દાઢી રાખવુ સુન્નતે રસુલ છે
છતા એ નુરને ચેહરા પર સજાવતા નથી

જેને હલાલ હરામનો હોય લીહાજ છે
એ કોઈનો માલ પચાવતા નથી

સલામ જેને હકમે ઈલાહીનો પાસ છે
એ કદી કોઈને સતાવતા નથી

7

ઈલાહી સૌના હાલ પર રહમ કર
તુ કરીમ છે સૌના ઉપર કરમ કર

જે દીલ પત્થર થઈ ગયા છે
એ દીલોને તુ નરમ કર

જેમને ચઢી ગયોછે તાકાત નો નશો
તુ દુર જલ્દી થી એમનો ભ્રમ કર

જાલીમ ને દે હીદાયત અથવા પકડ કર
છે જે પણ મજલુમ એની મદદ કર

ઈલાહી તુ માફ અમારી હર ખતા કર
અને દરેક ભલાઈ તુ અમુને અતા કર

8

માં બાપ ને સદા માન આપશો
દીલથી એમને સન્માન આપશો

એ બુલાવે તો તુરંત જવાબ આપશો
તરસ લાગે તો પાણીનો ગ્લાસ આપશો

એ થાકયા હોય તો હાથ પગ દબાવી આપશો
ચા કોફી જે કંઈ પીતા હોય બનાવી આપશો

કદી દીલ એમનુ દુભાવશો નહીં
અને એહસાન કદી જતાવશો નહીં

એમની ખીદમત સદા કરશો
એમાં ના કોઈ ખતા કરશો

એમના થકી આપણે આ દુનિયા જોય છે

જગત મા એમના જેવુ ક્યાં કોઈ છે

એમના વગર ઘર સુનુ લાગે છે
ઘરમા દીલ ક્યાં કોઈનુ લાગે છે

એમની દુઆથી કામ આપણા બનતા હોય છે
એ છોકરાઓ માટે દુઆ દીન રાત કરતા હોય છે

માં બાપને કદી છોડશો નહીં
કોઈ વાત પર એમને ટોકશો નહીં

એમના સામે ઉંચા અવાજે બોલતા નઈ.
ભુલ આવી ભુલીને પણ કરતા નઈ

સદા એમના માટે દુઆ કરતા રહેશો
એમની દુઆથી દામન ભરતા રહેશો

સલામ જે માં બાપના વફાદાર છે
એ ખરેખર તારીફ ના હકદાર છે

અઝ કલમ:- અબ્દુલ સલામ માસ્ટર લાજપુરી.લંડન. યુ.કે